### રમત ગમત મંત્રી હર્ષ સંઘવીની મોટી જાહેરાત

# હવે, મહિલા તેમજ પુરુષ ખેલાડીને સરખું સન્માન

### પહેલા કોઈ સ્પોર્ટસ ઈવેન્ટ યોજાતી તો પુરુષને અલગ રકમ સન્માન અને મહિલાને અલગ સન્માન અપાતું હતું

અમદાવાદ, તા.૨૭

આગામી સમયમાં ઓલમ્પિક આવે તે પહેલાં ગુજરાત સરકારનું મોટું પગલું ભર્યું છે, આ સાથે રમત ગમત મંત્રી હર્ષ સંઘવીની મોટી જાહેરાત, મહિલા ખેલાડી અને પુરુષ ખેલાડીને સરખુ સન્માન મળશે,જો કોઈ ખેલાડી કોઈ સ્પર્ધા જીતે તો બંને ને સરખું સન્માન આપવા કહ્યું છે, પહેલા જ્યારે પણ કોઈ સ્પોર્ટસ ઈવેન્ટ યોજાતી તો પુરુષને અલગ રકમ સન્માન અને મહિલાને અલગ સન્માન અપાતું હતું .

મુળ ગુજરાતના વતની હોય તેવા ખેલાડીઓ માટે :-

-ઓલિમ્પિક રમતોત્સવના કોઈપણ મેડલ વિજેતા તેમજ એશિયાન ગેમ્સના સુવર્ણપદક વિજેતા ગુજરાતના ખેલાડીઓને વર્ગ-૧ અધિકારી તરીકે નિમણુંક


-એશિયાન ગેમ્સમાં સિલ્ર અથવા બ્રોન્ઝ મેડલ વિજેતા ગુજરાતના ખેલાડીઓને વર્ગ-૨ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવે છે. - સરકારમાં થતી ગૃપ-સી ની કુલ ભરતીમાં લાયક ખેલાડીઓ માટે ૨ ટકા અનામત રાખવામાં આવે છે. ઓલિમ્પિક ગેમ્સ ગોલ્ડ મેડા લિસ્ટને ૫ કરોડ આપવામાં આવે છે.સિલ્વર મેડાલિસ્ટને ૩ કરોડ આપવામાં આવે છે, બ્રોન્ઝ વિજેતાને ૨ કરોડ રુપિયા આપવામાં આવે છે.એશિયાન ગેમ્સ વિજેતા ખેલાડીઓને ક્રમશ પ્રથમ નંબર પર ૧ કરોડ, ત્યારબાદ સિલ્વર મેડાલિસ્ટને ૧ કરોડ અને બ્રોન્ઝ મેડાલિસ્ટને ૨૫ લાખ રુપિયા આપવામાં આવે છે.ડબલ્સ જેવી ઈવેન્ટમાં અથવા બે ખેલાડીઓની ટીમમાં વિજેતા થનારને વ્યક્તિગત રોકડ પુરસ્કારની ૫૦% રકમ અને ટીમ ઈવેન્ટમાં વ્યક્તિગત રોકડ પુરસ્કારની ૩૩% રકમ આપવામાં આવશે. ગયા વર્ષે જાપાનના ટોક્યોમાં રમાયેલી પેરાલિમ્પિક્સમાં ટેબલ ટેનિસમાં ભાવિના પટેલે સિલ્વર મેડલ જીત્યો હતો. ભાવિના પટેલની આ ઐતિહાસિક સિદ્ધી બાદ તેમના ગુજરાત સરકારે જાહેરાત કરી હતી કે ભાવિના પટેલને ૩ કરોડ રૂપિયા પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે

## ગાંધીનગરના ફાર્મ હાઉસમાં દારૂની મહેફીલ માણતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના ડભોડા પોલીસ મથકના સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે સમયે લિંબડીયા નર્મદા કેનાલ પાસે પહોંચતા તેઓને બાતમી મળી હતી કે મેદરા ગામની સીમમાં કેનાલની બાજુમાં આવેલા ફાર્મ હાઉસમાં કેટલાક શખ્સો દારૂની મહેફીલ માણી રહ્યા છે. જે બાતમીને પગલે પોલીસે ફાર્મ હાઉસ પર દરોડો પાડ્યો હતો.જયાં ફાર્મ હાઉસના ગેટ પાસે સિક્યુરીટી ગાર્ડ બેઠો હતો. તેને પોતાનું નામ ગણેશજી મથુરજી ઠાકોર હોવાનું જણાવ્યું હતું. જયાં ત્રણ શખ્સો લાઈટના અજવાળે ત્રણ શખ્સો હાથમાં દારૂના ગ્લાસ સાથે મહેફીલની મોજ માણતા હતા.પોલીસે ત્રણેય શખ્સનું નામ પુછતા દિપુ દેવાભાઈ પરમાર (ઉં.૨૮ રહે મહેર સમાજની બાજુમાં રઘુવીરપરા માણાવદ, જી-જુનાગઢ), ઉપેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા (ઉં.૪૦ રહે. મકાન નં.૩, ટાટા નગર સોસાયટી પાણીની ટાંકીની સામે મેઘાણીનગર મુળ રહે. મકાન નં.૧૩૪-બી-૧૮ આનંદનગર રાજકોટ), તેમજ હરેન્દ્રસિંહ બહાદુરસિંહ ઠાકોર (રહે.ટી-૨૬ મનમોહન એપાર્ટમેન્ટ પુરષોતમ નગર સુભાષબ્રિજ) હોવાની કબુલાત કરી હતી. તેઓની પાસેથી બે દારૂની બોટલ તેમજ બિયર સહિતનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટના ગુનામાં ત્રણેય ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મુખ્યમંત્રીની સાથે જી-૨૦નું પ્રતિનિધિ મંડળ મોઢેરા સૂર્યમંદિરની મુલાકાતે


મુખ્ય વિજ્ઞાન સલાહકારોની કોન્ફરન્સ ના પ્રતિનિધિશ્રીઓએ મોઢેરા સૂર્યમંદિર અને સુજાણપુરા સોલાર પાવર ઉત્પાદન અને સંગ્રહ પ્રોજેક્ટની મુલાકાત લીધી. સૂર્યમંદિરના ખગોળીય અને વૈજ્ઞાનિક તેમજ ધાર્મિક મહત્વથી પ્રતિનિધિઓ અભિભુત થયા હતા તો સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ તેમજ ચંદ્રયાન ની થીમની પ્રસ્તુતિ થી સૌ મંત્ર મુગ્ધ થયા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ પ્રયાસોથી ભારતના યજમાનપદે જી -૨૦ ની વિવિધ બેઠકો દેશમાં યોજાઈ રહી છે. જે ભારત માટે ગૌરવની ક્ષણ છે. બેઠકોની આ શૃંખલામાં ૨૭ થી ૨૯ ઓગષ્ટ દરમિયાન ચીફ સાયન્ટિફિક એડવાઈઝર્સની બીજી બેઠક ગુજરાત ને આંગણે યોજાઈ રહી છે. જી-૨૦ ના મુખ્ય વિજ્ઞાન સલાહકારોની આ સેકન્ડ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સના પ્રથમ દિવસે સહભાગી થઈ મોટેરા સુર્યમંદિરની મુલાકાત લીધી હતી.

### રક્ષાબંધનના દિવસે છુટાછવાયા વરસાદની આગાહી

# રાજ્યમાં વરસાદની આગાહી નહીંવત્

### વરસાદની કોઈ સિસ્ટમ સક્રિય ન હોવાનું હવામાન વિભાગે જણાવ્યું : સપ્ટેમ્બરમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં હાલ ભારે વરસાદની કોઈ સંભાવના નથી. ગુજરાતમાં ઓગસ્ટ મહિનો કોરો જઈ રહ્યો છે. દર વર્ષની સરખામણીમાં આ વર્ષે ઓગસ્ટ મહિનામાં ૮૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. હાલ ગુજરાતમાં એક પણ સિસ્ટમ સક્રિય નથી. જેને કારણે ભારે વરસાદની કોઈ સંભાવના નથી. પરંતુ હવે વાતાવરણને જોતા લાગે છે કે, માત્ર ઓગસ્ટ જ નહિ, સપ્ટેમ્બર મહિનો પણ કોરો જશે. સપ્ટેમ્બરમાં ઓછા વરસાદના એંધાણ છે. હવે એવુ લાગે છે કે વરસાદ વગર જ ચોમાસાની વિદાય થઈ જશે. અલ-નીનો કારણે વરસાદની સિસ્ટમમાં ભારે અસર પડી છે.

હવે ભાઈ-બહેનોનો પવિત્ર તહેવાર રક્ષાબંધન આવી રહ્યો છે. બે દિવસ બાદ ૩૦ ઓગસ્ટ રક્ષાબંધન છે. ત્યારે જો તમને રક્ષાબંધનના દિવસોમાં વરસાદની ચિંતા સતાવી રહી છે, તો જાણી લો કે તમે રક્ષાબંધનના દિવસે છુટાછવાયા વરસાદની આગાહી છે. આગામી ત્રણ દિવસ હવામાન વિભાગની ભારે વરસાદની કોઈ આગાહી નથી. તેથી તમે રક્ષાબંધનનું બિન્દાસ્ત પ્લાનિંગ કરી શકો છો.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યું કે, હાલ રાજ્યમાં સારા વરસાદની શક્યતા નહીવત છે. ૨૭થી ૩૦ ઓગસ્ટ દરમિયાન દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં હળવા ઝાપટાં પડશે. પિયત વ્યવસ્થાપન હોય તો ખેડૂતોએ પીયત કરવું જોઈએ. ગરમીની આગાહી કરતા તેઓએ જણાવ્યું છે કે, ૨૮ ઓગસ્ટથી દેશમાં ગરમી વધવાની શક્યતા છે. અંબાલાલ પટેલે જણાવ્યું કે, ચીનના હોંગકોંગ તથા પૂર્વી ભાગમાં ચક્વાત બની રહ્યું છે. અરબ સાગર અને બંગાળના ઉપસાગરનો ભેજ ચક્વાત તરફ ખેંચાશે. અલનીનોની અસરખથી હિંદ મહાસાગરનું હવામાન સાનુકુળ હોવા છતાં વરસાદ થતો નથી.

નર્મદા, ડાંગ, વલસાડ, તાપી, દમણમાં આગામી ૩ દિવસ સામાન્ય વરસાદની આગાહી છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું છે કે, ગુજરાતના હવામાન વિશે વાત કરીએ તો આગામી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદની શક્યતા છે. જેમાં નર્મદા, ડાંગ, વલસાડ, તાપી, દમણનો સમાવેશ થાય છે. બાદમાં અહીં પણ વરસાદની સંભાવના ઓછી છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાતમાં આગામી ૭ દિવસ વરસાદની કોઈ શક્યતા નથી.

## નકલી જ્યોતિષે ગુપ્ત ધનની લાલચ બતાવી ૮૫ લાખ પડાવી લીધા

વલસાડ, તા.૨૭

વલસાડના પારડીમાં એક નકલી જ્યોતિષે પરિવારને પોતાની જાળમાં ફસાવીને ચિટીંગ કર્યાનુ સામે આવ્યુ છે. ઢોંગી જ્યોતિષે પારડી વિસ્તારના એક પરિવારને પોતાની વાતોની જાળમાં ફસાવી લીધુ હતુ. નકલી જ્યોતિષે પરિવારને તમારા ઘરમાં ગુપ્ત ધન દટાયેલુ હોવાનુ જણાવ્યુ હતું જ્યોતિષ મહેન્દ્ર જોષી પરિવારના ઘરે આવ્યો હતો. આ સમયે ઘરના મોભી ઘરે હાજર નહોતા અને પરિવારના અન્ય સભ્યોને ઘરમાં ગુપ્ત ધન હોવાની વાત કરી હતી. જો ૧૦૫ દિવસમાં તે નહીં નિકાળો તો મોટુ નુકશાન થવાનો ભય બતાવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં સૌ પ્રથમવાર આ જ્યોતિષ આવ્યો હતો અને તેણે આ જાળ બિછાવી હતી.

ઘરની પાછળથી તાંબાના લોટા નિકાળ્યા હતા અને આ રીતે જાળમાં ફસાવ્યા હતા. ઘરમાં રહેલ ગુપ્ત સોના-ચાંદીના ધનને નહિં નિકાળવાથી નુકશાન થવાની વાત કરી હતી.

## કાર્યકરો સાથે ધારાસભ્યએ મનકી બાત કાર્યક્રમ નિહાળ્યો...



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત કાર્યક્રમ સાંભળવા માટેનો કાર્યક્રમ વોર્ડ નં. ૮ના સેક્ટર-૪ ખાતે તથા સે. ૩ ના એસ.એસ.વી. કેમ્પસ ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, કોર્પોરેટર શૈલાબહેન તેમજ વોર્ડના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ચંદ્રયાનની સફળતા માટે વડાપ્રધાને મહિલાઓનો ફાળો વિશેષ હોવાનું જણાવ્યું હતું. (તસ્વીર : શૈલેન્દ્ર સોલંકી)

# સીઆર પાટીલે દિગ્ગજ નેતાને શિસ્તભંગની નોટિસ ફટકારી

રાજકોટ, તા.૨૭

રાજકોટના ભ્રૂં ના હોદ્દેદારો સામે પ્રદેશ ભાજપે લાલ આંખ કરી છે. પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી સહિત ૮ હોદ્દેદારોને નોટિસ પાઠવી છે.

તમામ હોદ્દેદારોને ૭ દિવસમાં ખુલાસો આપવા સીઆર પાટીલે ફરમાન કર્યુ છે. પ્રદેશ ભાજપ પ્રમુખે આ તમામ સામે શિસ્તભંગની નોટિસ ફટકારી છે. તમામે પાર્ટીના વ્હીપનું ઉલ્લંઘન કર્યુ હતું. જાણો શું હતો આ મામલો.

બન્યું એમ હતું કે, લોધિકા સંઘના પ્રમુખની ચૂંટણીમાં ભાજપે વ્હીપ આપ્યો હતો. જેમાં નરેન્દ્રસિંહ જાડેજાને પ્રમુખ તરીકે રિપિટ કરવાનો વ્હીપ હતો. પરંતુ અરવિંદ રૈયાણી, નીતિન ઢાંકેચાએ પાર્ટીએ આપેલા વ્હીપનું ઉલ્લંઘન કર્યુ હતું. તેમજ બાબુ નસિત, મનસુખ સરધારાએ પણ વ્હીનો અનાદર કર્યો હતો. વ્હીપ બાદ પણ મામલાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. કારણ કે, રૈયાણીના લોધિકા સંઘના પ્રમુખ બનવાના અભરખા હતા. પરંતુ પાટીલના વ્હીપ બાદ રૈયાણીના સપના પર પાણી ફરી વળ્યું હતું.

## બફારાથી ત્રસ્ત

● અનુસંધાન છેલ્લા પાનાનું ચાલુ

જેમાં સૌથી વધુ દહેગામ તાલુકામાં વરસાદ નોંધાયો છે. દહેગામ તાલુકામાં અત્યાર સુધી સિઝનનો ૬૯.૮૮, જયારે કલોલ તાલુકામાં સૌથી ઓછો ૩૩.૩૪ અને માણસા તાલુકામાં ૬૩.૦૮ અને ગાંધીનગર તાલુકામાં ૫૩.૩૫ ટકા વરસાદ વરસ્યો છે. આમ જિલ્લામાં પણ વરસાદની ટકાવારી પ્રમાણમાં ઓછી છે. જો કે થોડા દિવસો અગાઉ હવામાન તજજ્ઞો દ્વારા મઘા નક્ષત્રમાં વરસાદ થશે તેવી આગાહી પણ કરવામાં આવી હતી જો કે છેલ્લા ત્રણ સપ્તાહમાં માંડ બે ત્રણ વાર આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા છે. જયારે માત્ર છાંટણા વરસાવી હાથતાળી આપી જતા મેઘરાજાના મંદ મિજાજના લીધે વરસાદી સિઝનના પાછળના દિવસોમાં મેઘરાજા મનમુકીને વરસ્યા નથી જો કે આગામી દિવસોમાં પણ હજુ વરસાદ થશે તેમ પણ હવામાન નિષ્ણાંતો જણાવી રહ્યા છે. જયારે વરસાદની લાંબા સમયથી ગેરહાજરીના લીધે નગરજનો હવે દિવસે તાપ અને બફારો અનુભવી રહ્યા છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહે છે પરંતુ વરસાદની ગેરહાજરી સૌને સતાવી રહી છે.

## સર્વોદયનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોના આંતરિક માર્ગો પર એકબાજુ વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી પણ થઈ નથી. જેના લીધે સ્ટ્રીટ લાઈટો ચાલુ હોય તેવા વિસ્તારમાં પણ માર્ગો પર પરતુ અજવાળુ પથરાતુ નથી. ઢળતી સાંજ બાદ માર્ગ સલાતમીનો પ્રશ્ન પણ ઉઠે છે. જયારે રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટો ડુલ હોય તેવા વિસ્તારમાં રખડતા ઢોર પણ આંટા ફેરા કરતા હોવાથી ગમે ત્યારે સેકટરવાસીઓ અકસ્માતનો ભોગ બને તેવી દહેશત પણ પ્રબળ બની છે. શહેરના સે-૩૦ સર્વોદયનગરમાં છેલ્લા ૧૫ દિવસથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહે છે. સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે. જયારે રાત્રિના સમયે સોસાયટીમાં અંધારુ છવાઈ જતા રહીશોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. લાંબા સમયથી લાઈટો ડુલ જોવા મળી રહી છે. ત્યારે સ્થાનિકોએ ત્વરિત અસરથી સ્ટ્રીટ લાઈટો ચાલુ થાય તેવી પ્રબળ રજુઆત કરી છે. શહેરના અન્ય સેકરટરોમાં પણ ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટોના થાંભલા બંધ હોવાનુ ધ્યાને આવે છે. ત્યારે વરસાદી વિરામ વચ્ચે સેકટરોમાં લાઈટોના મામલે સર્વે હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

## પાટનગરના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

### સીધી ભરતીના સનદી અધિકારીઓમાં ગુજરાતી કેટલા?

ગુજરાત સરકારને ફાળવાયેલા આઈ.એ.એસ.અધિકારીઓની સંખ્યા(જાન્યુઆરી -૨૦૨૩ની સ્થિતિએ),૨૫૫ છે.ગુજરાતની સનદી કેડરમાં ત્રણ પ્રકારના અધિકારી હોય છે.જેમાં(૧):- સીધી ભરતીના-ઙ્ગૈષ્ઠિં ઈીષ્ઠિંર્ેિીહં (૨):-પસંદગી પામેલા- જીીઙ્મીષ્ઠંીઙ્ઘ અને(૩):-બઢતી પામેલા-ઁર્િદ્બહ.આ પૈકીના સીધી ભરતીથી(એટલે કે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા પાસ કરીને આવેલા) અધિકારીઓની સંખ્યા ૨૨ છે.આમ તો ૨૧ છે પણ મુંબઈમાં ઉછરેલા જૈન ગુજરાતી પરિવારનાં એક મહિલાને ગુજરાતી ગણીએ તો ૨૨ થાય છે.આ તમામ અધિકારીઓનાં નામ આજે જાણી લઈએ.(૧):-અરુણ એમ.સોલંકી(અમદાવાદ) (૨):-મોના ખંધાર(મુંબઈ) (૩):-પ્રવીણ કે. સોલંકી (અમદાવાદ)(૪):-રાહુલ બી. ગુપ્તા(અમદાવાદ)(૫):-હર્ષદ આર.પટેલ(અમદાવાદ) (૬):- દિલીપ રાણા(અમદાવાદ) (૭):-ડો.ધવલ કે.પટેલ(ગાંધીનગર)(૮):- વિજય એલ.ખરાડી (સાબરકાંઠા)(૯):-આનંદ બી.પટેલ(સાબરકાંઠા)(૧૦):- સુજલ જે.મયાત્રા(રાજકોટ)(૧૧):- ગૌરાંગ એચ.મકવાણા (પાટણ)(૧૨):-તુષાર ડી. સુમેરા(સુરેન્દ્રનગર) (૧૩):-અનિલ આર. રાણવસિયા(બનાસકાંઠા) (૧૪):-અનિલ ટી?. ધામેલિયા (ભાવનગર) (૧૫):-રાજેન્દ્ર એમ.પટેલ(અમદાવાદ) (૧૬):- મિહિર પી.પટેલ(અમદાવાદ) (૧૭):-તેજસ ડી.પરમાર (બનાસકાંઠા)(૧૮):-મિરાન્ત જે.પરીખ(વડોદરા) (૧૯):- મમતા એચ.હિરપરા(જુનાગઢ) (૨૦):-રાજ આર.સુથાર (મહેસાણા) (૨૧):- કાર્તિક એન.જીવાણી(૨૨):-હિરેન જે.બારોટ(અમદાવાદ).આ યાદી અને સંખ્યા જોઈને રાજી થવાય.આ યાદી સૂચવે છે કે ગુજરાતના યુવાનો પણ હવે બિહાર,ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના યુવાનોની જેમ સનદી કારકિર્દી તરફ વળ્યા છે.

## સ્પિરીટનું પ્રતિક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રેડિટની વાત લઈને આવ્યો છું. પીએમ મોદીએ વિશ્વના વ્યાપારી નેતાઓને ગ્રીન ક્રેડિટ અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.

મોદીએ જી-૨૦ બિઝનેસ લીડર્સને પોતાના સંબોધનમાં કહ્યું કે આ વખતે ભારતમાં તહેવારોની સીઝન ૨૩ ઓગસ્ટથી શરૂ થઈ છે. આ ચંદ્રયાન ચંદ્ર પર પહોંચવાનો ઉત્સવ છે. પીએમએ કહ્યું કે આપણે આપત્તિમાંથી શીખીએ છીએ. આજે સમગ્ર વિશ્વ ભારતથી ખુશ છે. આજે ભારતમાં સૌથી વધુ યુવા પ્રતિભા છે. ભારત સાથેની તમારી મિત્રતા જેટલી મજબૂત હશે તેટલી જ બંનેને વધુ સમૃદ્ધિ મળશે. પીએમે કોરોના સમયગાળા દરમિયાન રસીની નિકાસનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભારતે આખી દુનિયાના જીવ બચાવ્યા.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે જ્યારે કોરોનાના સમયે વિશ્વને તેની જરૂર હતી ત્યારે ભારતે ૧૫૦થી વધુ દેશોમાં દવાઓ મોકલી હતી. તેમણે કહ્યું કે વિશ્વમાં કોરોનાની રસી મોકલીને તેમણે વિશ્વના લોકોનો જીવ બચાવ્યો. પીએમે કહ્યું કે અગાઉ એવું કહેવામાં આવતું હતું કે જ્યાં સુધી વૈશ્વિક સપ્લાય ચેઈન કાર્યક્ષમ છે ત્યાં સુધી કોઈ ચિંતા નથીપ શું આવી સપ્લાય ચેન તૂટી જાય ત્યારે તેને વધુ સારી કહી શકાય? જ્યારે વિશ્વને તેની સૌથી વધુ જરૂર હતી. આજે જ્યારે વિશ્વ આની સાથે સંઘર્ષ કરી રહ્યું છે, ત્યારે હું સ્પષ્ટ કરવા માંગુ છું કે ભારત જ આનો ઉકેલ છે.

વડાપ્રધાન મોદીએ સૌર ઉર્જા પર વાત કરી. પીએમે કહ્યું કે અમારો પ્રયાસ છે કે જે મુજબ ભારતને આ ક્ષેત્રમાં સફળતા મળી છે, આપણે તેને ગ્રીન હાઈડ્રોજન સેક્ટરમાં રિપીટ કરીએ. ભારતનો પ્રયાસ આમાં વિશ્વને પણ સાથે લેવાનો છે. પીએમએ કહ્યું કે આ પ્રયાસ આંતરરાષ્ટ્રીય સૌર સંબંધોના રૂપમાં પણ દેખાઈ રહ્યો છે.

## છના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થાનિકોનું કહેવું છે કે ફટાકડાની ફેક્ટરી ગેરકાયદેસર રીતે ચાલી રહી હતી. સ્થાનિક રહેવાસીઓએ આરોપ લગાવ્યો છે કે ગેરકાયદેસર ફેક્ટરી તૃણમૂલ કોંગ્રેસના એક નેતાની મદદથી ચાલી રહી હતી. તે જ સમયે, વિસ્ફોટ પછી સ્થાનિક લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. લોકોએ પોલીસ સામે જોરદાર પ્રદર્શન કર્યું.

## નિવૃતિની

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી શકે છે. ખારા આવતા વર્ષે ઓગસ્ટમાં ૬૩ વર્ષના થશે. અધિકારીએ કહ્યું છે કે PSBs અને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના વડાઓની નિવૃત્તિ વય વધારવા માટે ચર્ચા ચાલી રહી છે. આ સાથે PSB MDની નિવૃત્તિ વય ૬૦ વર્ષથી વધારીને ૬૨ વર્ષ કરવાની પણ ચર્ચા ચાલી રહી છે. તેમણે કહ્યું કે પીએસબી અને એલઆઈસીના વડાઓની નિવૃત્તિ વય અંગેનો અંતિમ નિર્ણય હજુ લેવામાં આવ્યો નથી.LIC ચેરમેનની વર્તમાન નિવૃત્તિ વય ૬૨ વર્ષ છે.

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઘટના.. ઈસવીસન ૧૯૩૮ માં રાજકોટની લોહાણા બોર્ડિંગ ખાતે યોજાયેલા પાંચમા અખિલ ભારતીય હિન્દ ચારણ સંમેલનમાં એમણે હાજરી આપેલી.ત્યાં દેશભરમાંથી એકત્રિત થયેલા વિદ્વાન ચારણોની સમક્ષ ઉભા થઈને એમણે મંત્રમુગ્ધ કરી દે એવું છટાદાર ભાષણ આપેલું.એ સાંભળીને લીંબડીના રાજકવિ શંકરદાનજી એમને પ્રેમથી ભેટી પડેલા.અને એમણે કહેલું કે એક વાણિયો બોલે અને હજારો ચારણ મૂંગા મૂંગા એને સાંભળતા દોઢ દોઢ કલાક બેસી રહે એ એક ચમત્કાર ગણાય.આ હતી એમની સાહિત્યિક પ્રતિભા..!

૯ માર્ચ ૧૯૪૭ ના રોજ માત્ર ૫૦ વર્ષની વયે અવસાન પામેલા આ રાષ્ટ્રીય શાયર ભારતની આઝાદીનું પરોઢ જોવા માટે થોડાક જ મહિના દૂર રહી ગયેલા. નિયતિની અજીબ ઘટના ગણી શકાય.. જાણીતા લેખક "ધૂમકેતુ"એ એમને અંજલી આપતાં કહ્યું છે કે "મેઘાણીની વાણી અને કંઠમાં એવી મોહિનીએ હતી , કે એ મેળવવા માટે તો હવે વરસોનાં વરસ રાહ જોવી પડશે"